# કોટેશનની અગત્યની શરતો

| :: તારીખ તથા સરનામુ :: | | |
|---|---|---|
| 1. | કામગીરીનો પ્રકાર : | **ટેક્ષી પાસીંગ એ/સી મારુતિ સુઝુકી ઈકો (સફેદ)** ગાડી માસિક ધોરણે લધુતમ ૩૦૦૦કી.મી.ના ભાડેથી આપવા અંગે. |
| 2. | સ્થળ મુજબા વાહનની સંખ્યા : | કંપનીની જરૂરિયાત મુજબ પશુ સેવા માટે ચલાલા-૦૧, ભાવનગર-૦૧, વલ્લભીપુર-૦૧, તલાલા-૦૧, જામખંભાળિયા-૦૧, કેશોદ-૦૨, માધાપર(કચ્છ)-૦૧, રાપર-૦૧, મોથાળા(કચ્છ)-૦૧, દોલતપર(કચ્છ)-૦૧, કુતિયાણા-૦૧, ઉપલેટા-૦૧, સાયલા-૦૧, વઢવાણ-૦૧, માલવણ-૦૧, જેસર-૦૧, દ્વારકા-૦૧,કનક્પર(કચ્છ)-૦૧ ખાતે કંપનીની જરૂરિયાત મુજબ સેવારત કરી આપવાના રહેશે. |
| 3. | કોટેશનની શરતો મેળવવાનું સરનામુ : | માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ, ૩જો અને ૪થો માળ, સાકાર બિલ્ડીંગ, રાજકુમાર કોલેજની સામે, ડો.રાધાકૃષ્ણન રોડ, રાજકોટ-૩૬૦૦૦૧ (ગુજરાત). તેમજ કંપનીની વેબસાઈટ https://www.maahimilk.com પર. |
| 4. | કોટેશનની ભરીને મોકલવાનું સરનામુ : | માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ, ૩જો અને ૪થો માળ, સાકાર બિલ્ડીંગ, રાજકુમાર કોલેજની સામે, ડો.રાધાકૃષ્ણન રોડ, રાજકોટ-૩૬૦૦૦૧ (ગુજરાત). |
| 5. | કોટેશન સાથે જોડવાના જરૂરી દસ્તાવેજો | ૧. વાહનની આર.સી બુક, વીમો, પી.યુ.સી, ડ્રાયવીંગ લાયસન્સ, ફિટનેસ સર્ટીફીકેટની પ્રમાણિત નકલ કોટેશન સાથે જોડવી ફરજીયાત છે.<br>૨. કંપનીની શરતોની લેખિત સ્વીકૃતિ સાથે જોડવી ફરજીયાત છે.<br>૩. વાહનની આર.સી. બુક જે-તે કોન્ટ્રાક્ટર કે પેઢીના નામની હોવી જરૂરી છે.<br>૪. અનુભવ ના પ્રમાણપત્ર<br>**૫. ઈ.એમ.ડી. પેટે રૂ.૧૦,૦૦૦/- નો ડીડી અથવા ચેક કોટેશન સાથે ફરજીયાત જમા કરાવવાના રહેશે.**<br>**ડી.ડી./ચેક** Maahi Milk Producer Company Limited **ના નામનો – રાજકોટ ખાતે પેએબલ.** |

કોટેશન મંજૂર /નામંજૂર કરવાના તમામ હક્ક, સત્તા માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડના મુખ્ય કાર્યપાલકશ્રીના રહેશે તેમજ આ પ્રક્રિયાના તમામ હક્ક અબાધિત રાખેલ છે. કંપની પોતાની જરૂરિયાત મુજબ કોટેશન કોઈપણ જાતના કારણ બતાવ્યા વગર રદ કરી શકશે. ન્યાય અધિકાર ક્ષેત્ર રાજકોટ રહેશે.

**વાહન ભાડે આપવા માટેનું અરજી પત્રક**

**(જો પેઢીના નામે કોટેશન ભરતા હોય તો લેટર હેડ પર પ્રિન્ટ કરવું)**

તારીખ:-

પ્રતિ શ્રી ,
માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ,
૩જો અને ૪થો માળ, સાકાર બિલ્ડીંગ,
રાજકુમાર કોલેજ સામે, ડો.રાધાક્રિશ્નન રોડ,
રાજકોટ.

સવિનય સહ જણાવવાનું કે માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ, રાજકોટ દ્વારા નક્કી કરેલ બેઠક વ્યવસ્થાવાળા એ.સી. પેસેન્જર વાહન માટે કંપનીના ધારાધોરણો અને જરૂરિયાત મુજબ વાહન ભાડે આપવા તેમજ સર્વિસ આપવા સક્ષમ છુ/છીએ અને માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ, રાજકોટની કોન્ટ્રાકટની શરતોને આધિન રહીને આ સાથે જોડેલ ભાવપત્રક મુજબ હું/અમે મારું/અમારું વાહન ચલાવવા કોટેશન ભરું/ભરીએ/છીએ.

1. પેઢી/અરજદારનું નામ :-____________________________________
2. સરનામુ અને પીન કોડ :- ____________________________________
3. મોબાઇલ નંબર :- ____________________________________
4. હાલનો વ્યવસાય :- ____________________________________
5. વાહનનો પ્રકાર-કંપની :- ____________________________________
6. વાહનનું મોડેલ :- ____________________________________
7. આધાર કાર્ડ નંબર (ઝેરોક્ષ કોપી લગાવવી) : ____________________________
8. જી.એસ.ટી નંબર (કોપી લગાવવી) :-____________________________
9. પાનકાર્ડ નંબર (ઝેરોક્ષ કોપી લગાવવી) :-____________________________
10. વાહનનો રજીસ્ટર નંબર :-____________________________________
11. અગાઉ ક્યારેય માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ સાથે વાહન કોન્ટ્રાકટર કે અન્ય કોઈ પણ રીતે કામ કરેલું છે?
    હા/ના જો હા હોય તો તેની વિગત લખવી.____________________________
    જો ના હોય તો માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ કે અન્ય કંપનીના રેફરન્સ આપનાર અધિકારીનું નામ અને કોન્ટેક નંબર જણાવવો.____________________________________
12. શું આપ કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવો છો? જો હા તો વિગત લખવી. ____________________
13. માસિક ધોરણે વાહન ભાડે આપવા માટે કોટેશન સાથે ઈ.એમ.ડી. પેટે રૂ.૧૦,૦૦૦/- નો ડીડી અથવા ચેક જમા કરાવવાના રહેશે. ડી.ડી. Maahi Milk Producer Company Limited ના નામનો – રાજકોટ પેએબલનો આપવાનો રહેશે.

આથી હું ખાતરી પૂર્વક જાહેર કરું છુ કે મેં માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડમાં વાહન ભાડે આપવા અંગે જણાવેલ તમામ શરતો વાંચેલ છે અને તે મને બંધનકર્તા રહેશે. આ કંપની કે અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ ધ્વારા ક્યારેય પણ મને ગેરલાયક ઠરાવેલ નથી કે મારી ગેરલાયકાતનો સમય ચાલુ નથી. ઉપર જણાવેલ વિગતો મારી જાણ મુજબ સાચી છે અને જો તેમાં કોઈપણ વિગત ખોટી હશે તો તે અંગે માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ, રાજકોટનો નિર્ણય અંતીમ રહેશે અને તે મને બંધનકર્તા છે.

આપનો વિશ્વાસુ,

અરજદાર/પેઢીનું નામ ____________________અરજદાર//પેઢીનું સહી અને સિક્કો____________________

નોધ :- પ્રતિ માસ કી.મી. ના તેમજ માસીક કી.મી બાદના એક્સ્ટ્રા કી.મી.ના ભાવ ભાવપત્રકમાં જુદા દર્શાવવા.

**માસિક ધોરણે ગાડી ભાડે આપવા માટેનું પત્રક :**

| અ નુ. | સ્થળ | વાહનનો પ્રકાર | માસિક ૩૦૦૦ કી.મી નું ભાડું | ૩૦૦૦ કી.મી બાદના એક્સ્ટ્રા કી.મી.ના ભાવ |
|---|---|---|---|---|
| **1.** | ચલાલા (રિલીવર) | <u>ટેક્ષી પાસીંગ એ/સી મારુતિ સુઝુકી ઈકો (સફેદ)</u> | | |
| **2.** | ભાવનગર (રિલીવર) | | | |
| **3.** | વલ્લભીપુર | | | |
| **4.** | તલાલા (રિલીવર) | | | |
| **5.** | જામખંભાળિયા (રિલીવર) | | | |
| **6.** | કેશોદ (રિલીવર) | | | |
| **7.** | કેશોદ | | | |
| **8.** | માધાપર (કચ્છ) | | | |
| **9.** | રાપર(કચ્છ) | | | |
| **10.** | મોથાળા (કચ્છ)(રિલીવર) | | | |
| **11.** | દોલતપર(કચ્છ) | | | |
| **12.** | કુતિયાણા (રિલીવર) | | | |
| **13.** | ઉપલેટા | | | |
| **14.** | સાયલા | | | |
| **15.** | વઢવાણ (રિલીવર) | | | |
| **16.** | માલવણ | | | |
| **17.** | જેસર | | | |
| **18.** | દ્વારકા | | | |
| **19.** | કનકપર(કચ્છ) | | | |

હાલના ઇંધણ (પેટ્રોલ/ડીઝલ/સીએનજી) ના ભાવને ધ્યાને રાખી ભાવ ભરવાનો રહેશે. તેમજ ઇંધણ (પેટ્રોલ/ડીઝલ/સીએનજી) ના ભાવમાં વધારો કે ઘટાડો થશે તે કંપનીના નિયમો પ્રમાણે વાહનની પ્રતી કીલોમીટરની એવરેજ મુજબ અલગથી પ્રતી કીલોમીટર મુજબ ભાવ વધારવામાં કે ઘટાડવામાં આવશે, જે આખરી રહશે.

તા. 07/02/2024 ના રોજ ઇંધણ(પેટ્રોલ/ડીઝલ/સીએનજી) ની કિંમતને ધ્યાને રાખી ગણતરી કરી અરજી પત્રકમાં ભાવ લખવો ત્યાર બાદ કંપની ના નિયમ મુજબ ઇંધણ(પેટ્રોલ/ડીઝલ)ની કિંમતમા આવતા વધારા કે ઘટાડા મુજબ ભાવ આપવામાં આવશે જે આખરી રહેશે. તા.07/02/2024ના રોજ પ્રતી લીટર ડિઝલ ભાવ. રૂ ૯૧.૯૫/-, પેટ્રોલ ભાવ. રૂ ૯૬.૧૯/-, સી.એન.જી રૂ. ૭૪.૨૬/-.

*** GST ટેક્સના સંદર્ભમાં જે સ્લેબ લાગુ પડતો હોય તેની સામે ફરજીયાત ( √ ) નિશાન કરવું.**

| **જો પેઢી/અરજદાર કોર્પોરેટ બોડી હોય તો** | |
|---|---|
| ૧૨% ફોરવર્ડ GST સ્લેબ | |
| ૦૫% ફોરવર્ડ GST સ્લેબ | |
| GST લાગુ પડતું નથી | |

| **જો પેઢી/અરજદાર કોર્પોરેટ બોડી ન હોય તો** | |
|---|---|
| ૧૨% ફોરવર્ડ GST સ્લેબ | |
| ૦૫% રીવર્સ GST સ્લેબ | |
| GST લાગુ પડતું નથી | |

**કોટેશન ભરનારના સહી સિક્કા**

## ટેક્સીવાહન ભાડે આપવાની શરતો

1. કોન્ટ્રાકટનો સમયગાળો ૧ વર્ષનો રહેશે, જે સેવાઓની ગુણવત્તા અને કંપનીની જરૂરિયાત મુજબ આગળા વધુ 02 વર્ષ સુધી લંબાવી શકાશે.
2. માસિક ધોરણે ભાડે આપવા માટેના વાહનનું મોડેલ ૨૦૨૩ કે તે પછીનું હોય તે ઇચ્છનીય છે, પરંતુ વાહનની કંડીશન મુજબ કમિટીની મંજુરીથી તેમાં છૂટછાટ આપી શકાશે.
3. કોઈપણ સ્થળ માટે એક અથવા એકથી વધુ વાહન ભાડે આપવા માટે એક જ કોટેશનમાં ભાવ ભરીને મોકલવાના રહેશે.
4. વાર્ષિક લઘુતમ ભાડાની રકમના 5% જેટલી રકમ કંપની પાસે રીફંડેબલ સિક્યુરીટી ડીપોઝીટ પેટે જમા રહેશે જેના પર કોઈ વ્યાજ મળવા પાત્ર નથી.
5. કંપનીના સત્તાધીશ અધિકારીની સૂચનાઓ મુજબ સમયસર વાહન પૂરું પાડવાનું રહેશે, તે સિવાય રોજિંદા કામકાજના કલાકો દરમિયાન વાહન કંપનીની ઓફિસે સ્ટેન્ડબાયમાં રાખવાનું રહેશે. અને કોન્ટ્રાક્ટના તમામ વાહન **24 કલાક** કોન્ટ્રાક માં બંધાયેલ રહેશે અને ફાજલ સમયમાં વાહન કંપનીના સેન્ટર પર જ રાખવાનું રહેશે.
6. કોન્ટ્રાક્ટ હેઠળના વાહનનો ફક્ત કંપનીના કાર્ય માટે છે જેનો ઉપયોગ કોઈ અન્ય હેતુ માટે કરી શકાશે નહિ.
7. કિ.મી (ટ્રીપ દરમિયાન) બંને બાજુના ગણવામાં આવશે, શરૂઆતના કી.મી. કંપનીની ઓફિસેથી જ ગણવામાં આવશે.
8. બિલનું ચુકવણું લોગબુકના કી.મી તેમજ જી.પી.એસના કી.મી ની ચકાસણી કરાયા બાદ જ કરવામાં આવશે.
9. બિલનું ચુકવણું બિલ તથા જરૂરી દસ્તાવેજ સાથે જમા કરાવ્યા બાદ **30** દિવસમાં ચુકવવામાં આવશે.
10. માસિક ભાડા ઉપરાંત ટોલટેક્સ , પાર્કિંગ ચાર્જ, પરમીટ ચાર્જ યોગ્ય રસીદ આપ્યેથી માસિક બિલ સાથે મળવાપાત્ર રહેશે.
11. ફરજ પર ડ્રાઈવરનો રહેવા-જમવા વિગેરેનો તમામ ખર્ચ વાહન માલિક પર રહેશે તેમજ તે અંગે કોઈ પણ ખર્ચ કંપની દ્વારા ચુકવવામાં આવશે નહિ.
12. માસિક ધોરણે ભાડે આપવામાં આવેલ વાહન તેમજ ડ્રાઈવર બદલાવા જોઈએ નહિ તેમજ જો કોઈ ફેરફાર કરવો પડે તો તે અંગે ૨૪ કલાક અગાઉ કંપનીની મંજૂરી લેવાની રહેશે.
13. ડ્રાઈવરનો સંપર્ક કરવા માટે મોબાઇલ હોવો જરૂરી છે.
14. કોઈપણ ડ્રાઈવર/ કોન્ટ્રાકટર ઓફિસ સ્ટાફ જોડે ગેરવર્તન કરતા માલુમ પડશે તો તાત્કાલિક કોઈ પણ જાણ વગર કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે.
15. કંપનીમાં ડ્રાઈવર/ કોન્ટ્રાકટર કોઈ પ્રકારનું કેફી પીણું, પાન-માવા ,બીડી, ગુટખા, મસાલા તેમજ અન્ય હાનિકારક પદાર્થો લઈને આવશે તો દંડ પેટે રૂ. ૫૦૦/- વસુલવામાં આવશે અથવા કંપનીના નિયમ મુજબ યોગ્ય પગલા ભરવામાં આવશે.
16. વાહનની આર.સી. બુક જે-તે કોન્ટ્રાક્ટર કે પેઢીના નામની હોવી જરૂરી છે. તથા વાહન ફરજિયાતપણે ટેક્ષી પાસીંગ હોવું જોઈએ, ટેક્ષી પાસીંગ સિવાયના વાહનનું કોઈપણ ભાડું ચુકવવાપાત્ર રહેશે નહીં.
17. દરેક ગાડીમાં GPS હોવું ફરજીયાત છે.
18. ફરજ પરના ડ્રાઈવર કંપનીના નિયમ મુજબ સ્વચ્છ અને યોગ્ય ડ્રેસમાં હોવા જોઈએ એ ફરજીયાત છે.
19. ફરજ પર હોય ત્યારે કોઈપણ સમયે ડ્રાઈવરે કોઈપણ નશાકારક વસ્તુઓનો/પદાર્થનો ઉપયોગ કરવો નહીં.
20. ડ્રાઈવર પાસે માન્ય ડ્રાઇવિંગ લાઈસન્સ/પરવાનો હોય એ ફરજીયાત છે, આ ઉપરાંત, લાગુ પડતા કાયદા મુજબ વાહનમાં સાથે રાખવાના થતા દસ્તાવેજો જેવાકે વાહનનો વીમો/ઇન્સ્યોરન્સ, રજીસ્ટ્રેશન બુક/કાર્ડ, પી.યુ.સી અને ફિટનેશ સર્ટીફિકેટ વગેરે જેવા કાગળો હંમેશા વાહનમાં રાખવા ફરજીયાત છે.
21. ડ્રાઈવરે પોતાનું વાહન હંમેશા ફિટ અને ક્લીન રાખવું અને તે માટે સમયસર યોગ્ય ચકાસણી કરતું રહેવું, સાથે સાથે હંમેશા વાહન દરેક રીતે સ્વચ્છ રાખવાની જવાબદારી ડ્રાઈવર/કોન્ટ્રાક્ટરની છે.
22. કંપનીના એડમીન વિભાગના અધિકારી દ્વારા વાહનની નિયમિત ચકાસણી/નિરીક્ષણ કરવામાં આવશે. જેમાં યોગ્ય સહકાર આપવાનો રહેશે તેમજ આ નિરીક્ષણ દ્વારા ધ્યાન પર આવેલી ક્ષતિઓ નિવારવા તાત્કાલિક પગલાંઓ ભરવાના રહેશે.
23. દરેક સમયે વાહનમાં પૂરતા પ્રમાણમાં ઇંધણ ઉપલબ્ધ હોય તે ફરજીયાત છે. જેની સંપૂર્ણ જવાબદારી ડ્રાઈવર/કોન્ટ્રાકટરની રહેશે.
24. વાહન અકસ્માતના કિસ્સામાં ડ્રાઈવરે અથવા કોન્ટ્રાક્ટરે કંપનીના મેનેજમેન્ટને સૂચિત કરવા ઉપરાંત સ્થાનિક પોલીસ/ અન્ય એજન્સીઓને સૂચિત કરવાની તેમજ જે-તે લાગુ પડતા કાયદા મુજબ જરૂરી લેખિત રીપોર્ટ ફાઈલ કરવાનો રહેશે.

25. ફરજ દરમ્યાન ડ્રાઈવરે ટ્રાફિક અને પાર્કિંગના તમામ નિયમો, કાયદાઓનું ચુસ્તપણે પાલન કરવું ફરજીયાત છે. આવા નિયમોના ઉલ્લંઘન થવાના કિસ્સામાં તમામ જવાબદારી ડ્રાઈવર/કોન્ટ્રાક્ટરની રહેશે. આવા નિયમો અને કાયદાના ભંગ બદલ કંપની દ્વારા યોગ્ય પગલાં ભરવામાં આવશે.
26. ટ્રાફિક તેમજ પાર્કિંગ નિયમો/કાયદાઓના ઉલ્લંઘનના કિસ્સામાં તમામ પ્રકારના દંડની રકમો ભરવાની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.
27. ડ્રાઇવર કોઈપણ સંજોગોમાં વાહનનો અંગત ઉપયોગ કરી શકશે નહિ અને જો કરશે તો તે માટે કંપનીની કોઈ જ જવાબદારી રહેશે નહિ.
28. ડ્રાંઇવિંગ દરમ્યાન સંગીત, મોબાઇલ વગેરે જેવી કોઈપણ વસ્તુનો ઉપયોગ કરવો નહિ. તેમજ જો ડ્રાઈવર વિરુદ્ધ આ અંગે કોઈ ફરિયાદ મળશે તો દરેક ફરિયાદ માટે રૂ. ૫૦૦/- કોન્ટ્રાક્ટરના બિલમાંથી કપાત કરવામાં આવશે.
29. ડ્રાઇવરોએ વાહનને રસ્તા, ટ્રાફિક અને હવામાનની પરિસ્થિતિઓ મુજબ યોગ્ય ગતિમર્યાદામાં જ ચલાવવાનું રહેશે.
30. નિયત નમૂનામાં લોગબુક/ડ્યૂટી-સ્લીપમાં, વાહનનો ઉપયોગ શરૂ કરતા સમયે જ ફરજીયાતપણે જે-તે વપરાશકર્તા અધિકારી/કર્મચારી પાસેથી શરૂઆતના કી.મી.ના રીડિંગની તેમજ તારીખ, સમય, વાહન વપરાશનો ઉદેશ્ય, વગેરેની નોંધ કરાવવી એ ડ્રાઈવર/કોન્ટ્રાક્ટરની જવાબદારી છે. તેમજ મુસાફરી પુરી થતા અંતના કી.મી ના રીડિંગની નોંધ, કુલ કી.મી, સમય, સ્થળ વિગેરે તમામ વિગતો તુરંત જ જે-તે વપરાશકર્તા અધિકારી/કર્મચારી પાસેથી લોગબુક/ડ્યૂટી-સ્લીપમાં નોંધાવવા એ પણ ડ્રાઈવર/કોન્ટ્રાક્ટરની જવાબદારી છે.
31. ડ્રાઈવર/કોન્ટ્રાક્ટરે દર માસે કંપનીના અધિકૃત કર્મચારીના સહી તેમજ સ્ટેમ્પ સાથે માસિક લોગબુક/લોગબુકની નકલ નિયમિતપણે કંપનીમાં જમા કરવવાની રહેશે.
32. કંપની દ્વારા કર્મચારીઓને ઓફિશિયલ કામગીરી માટે જ વાહન પૂરું પાડવામાં આવેલ છે. જેથી કોઈ પણ કર્મચારી/વ્યક્તિ કંપનીના વાહનનો અંગત ઉપયોગ ન કરે તે અંગે ડ્રાઈવર/કોન્ટ્રાક્ટર જાગૃત રહેશે, તેમજ જો આવા પ્રકારનો કોઈપણ બનાવ બને તો તુરંત જ કંપનીના એડમીન વિભાગને જાણ કરશે.
33. કોઇપણ સંજોગોમાં કોન્ટ્રાક્ટર અથવા તેમના ડ્રાઈવર દ્વારા અન્ય કોઈપણ વ્યક્તિને તેમજ કંપનીના કોઈપણ કર્મચારીઓને વાહન હંકારવા તેમજ વાહનનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહિ અને આ શરત ભંગના કિસ્સામાં થનાર કોઈપણ જાતના નુકસાનની કોઈપણ જાતની જવાબદારી માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપનીની રહેશે નહીં તેમજ આવા દરેક બનાવ માટે પ્રતિ બનાવ રૂ. ૧૦૦૦/- દંડરૂપે કોન્ટ્રાક્ટર પાસેથી વસુલવામાં આવશે જેની ગંભીર નોંધ લેવી.
34. વાહનને હંમેશા ફિટ અને તૈયાર રાખવાની સંપૂર્ણ જવાબદારી જે-તે ડ્રાઈવર/કોન્ટ્રાક્ટરની છે. મુસાફરી દરમિયાન વાહનની નબળી કે ખરાબ હાલત/સ્થિતિ થકી વાહન બ્રેક-ડાઉન થવાના કિસ્સામાં અથવા ડ્રાઈવરની ગેરવર્તણૂંક તેમજ અધિકારીની સુચનાઓના અનાદર કરવાના કિસ્સામાં જે-તે અધિકારી તાત્કાલિક ધોરણે જે-તે દિવસ માટે વાહન છોડી તેમની રીતે અન્ય વૈકલ્પિક વ્યવસ્થા કરી પોતાનું ઓફિશિયલ કામ પૂર્ણ કરશે. આવા કિસ્સામાં કરવામાં આવેલી વૈકલ્પિક વ્યવસ્થાનો તમામ ખર્ચ જે-તે કોન્ટ્રાક્ટર પાસેથી વસુલવામાં આવશે.
35. કોઈપણ સંજોગોમાં વાહન ભાડે આપવા માટેનો કરાર અન્યને તબદીલ કરી શકાશે નહીં અથવા પેટા કરારથી અન્યને આપી શકાશે નહીં.
36. કોઈપણ તકરારના કિસ્સામાં ન્યાયક્ષેત્ર રાજકોટ રહેશે
37. મારુતિ સુઝુકી ઇકો ગાડી ડી.વી.એચ.એસ (ડોરસ્ટેપ પશુ આરોગ્ય સેવાઓ) માટે **કંપની ફીટેડ સીએનજી** હશે તો માન્ય રાખવા માં આવી શકે અને કોઈપણ સ્થળે અને સમયે સીએનજી ન મળવાના કિસ્સામાં કે સીએનજી મળવામાં મુશ્કેલી પાડવાના કિસ્સામાં વાહન પેટ્રોલમાં ચલાવનું રહેશે.
38. કંપનીની જરૂરિયાત મુજબ વાહનમાં જરૂરી ફેરફાર કરાવી આપવાના રહેશે જે માટે નો ખર્ચ વાહન માલિકે ભોગવવાનો રહેશે.
39. કંપની પોતાની જરૂરિયાત મુજબ વાહન ની બહારની બાજુએ જરૂરી વિગતો દર્શાવવા માટે સ્ટીકર/વિનાયલ લગાવી બ્રાન્ડીંગ કરી ફેરફારો કરી શકશે જે માટે પુરતો સહયોગ આપવાનો રહેશે, તેમજ કરાર પૂરો થયે અથવા રદ થવાના કિસ્સામાં બ્રાન્ડીંગના સ્ટીકર/વિનાયલ દુર કરવાની જવાબદારી વાહન માલિકની રહેશે.
40. દવાની પેટીઓ અને અને પશુના ઈલાજ માટેની જરૂરી સાધન-સામગ્રી ગાડી માં ચઢાવા-ઉતારવાની જાબદારી ડ્રાઈવરની રહેશે.

**<u>રિલીવર-વાહન માટે ઉપરોક્ત તમામ શરતો અને નિયમો સિવાય નીચે આપેલ શરતો અને નિયમો પણ લાગુ પડશે:</u>**

1. રિલીવર માટેના વાહને સંસ્થાની જરૂરિયાત મુજબ જુદાજુદા કેન્દ્રો/સ્થળો પર વાહનની સેવાઓ આપવાની રહેશે, જે માટે સંસ્થાના અધિકારીઓની સુચના અને જરૂરિયાત મુજબ વાહનની સેવાઓ આપવાની રહેશે.
2. રાત્રી રોકાણ દરમ્યાન વાહનને અને તેમાં રાખેલ સંસ્થાના સામાનને સુરક્ષિત રાખવાની જવાબદારી ડ્રાઈવરની રહેશે
3. રિલીવર માટેના વાહને જુદાજુદા કેન્દ્રો/સ્થળો પર વાહનની સેવાઓ આપવાની હોય રિલીવર-વાહન ના ડ્રાઈવરે જરૂરિયાત મુજબ અન્ય કેન્દ્રો/ સ્થળો પર મુસાફરી કરી રોકાણ કરવાની ફરજ પડશે જે માટે તે ડ્રાઈવર ને મુસાફરી ભથ્થું અલગથી મળવા પત્ર રહેશે જે નીચે મુજબ રહેશે, આ ભથ્થાનું ચુકવણું માસિક બીલ સાથે કરવામાં આવશે.

- રાત્રી રોકાણ માટે રૂ.૪૦૦/- પ્રતિ રાત્રી રોકાણ માટે (યોગ્ય બીલ આપવું ફરજીયાત છે અન્યથા ૫૦% રકમ મળવા પાત્ર રહેશે.)
- પ્રતિ રાત્રી રોકાણ દરમ્યાન જમવા પેટે રૂ.૨૦૦/- પ્રતિ દિવસ લેખે મળવા પત્ર રહેશે

**શરતોના ઉલ્લંઘન ના કિસ્સામાં નીચે મુજબની રકમ દંડપેટે વસૂલવામાં આવશે :**

| અનુ ક્રમ | શરતોનું ઉલ્લંઘન | પ્રથમ બનાવ | બીજો બનાવ | ત્રીજો બનાવ | નોંધ |
|---|---|---|---|---|---|
| ૧ | પેસેન્જર અથવા કોઈપણ કંપનીના કર્મચારી સાથે ગેરવર્તણૂક કરવી. | ૨૦૦૦ | ૩૦૦૦ | ૫૦૦૦ | દરેક બનાવ માટે |
| ૨ | એ.સી.ની બિન-કાર્યક્ષમતાના કિસ્સામાં | ૧૦૦ | ૫૦૦ | ૫૦૦ | |
| ૩ | ટ્રાફિક અને ડ્રાઇવિંગ નિયમોનું ઉલ્લંઘન કરવું. | ૫૦૦ | ૧૦૦૦ | ૧૫૦૦ | |
| ૪ | વાહન ક્ષતિગ્રસ્ત થવાના કિસ્સામાં એક કલાકની અંદર સમાન વાહન વ્યવસ્થા પૂરી પાડવામાં નિષ્ફળતાના કિસ્સામાં | ૫૦૦ | ૧૦૦૦ | ૧૫૦૦ | |
| ૫ | અગાઉથી જાણકારી આપ્યા સિવાય ડ્રાઈવર કે વાહન બદલવાના કિસ્સામાં | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | |
| ૬ | કોટેશનની અન્ય કોઈપણ શરતોના ઉલ્લંઘનના કિસ્સામાં | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | |
| ૭ | ૧૫ મિનિટ થી વધારે મોડા આવવાના કિસ્સામાં | ૨૦૦ | ૫૦૦ | ૫૦૦ | |

ગંભીર ગેરવર્તણૂકના કિસ્સામાં કોઈપણ નોટિસ આપ્યા વગર કરારનો અંત આણવામાં આવશે. અન્ય કિસ્સાઓમાં કરારનો અંત લાવવા અને સેવાઓ બંધ કરવા માટે ૩૦ દિવસ અગાઉ લેખિતમાં નોટિસ આપવાની રહેશે.

**કોટેશન ભરનારના સહી સિક્કા**

સીલબંધ કવર

**<u>DVHS માટે વાહન ભાડે આપવા માટેનું કોટેશન</u>**

પ્રતિ,
માહી મિલ્ક પ્રોડ્યૂસર કંપની લિમિટેડ,
૩જો ૪થો માળ, સાકાર બિલ્ડીંગ,
રાજકુમાર કોલેજની સામે,ડો.રાધા કૃષ્ણન રોડ,
રાજકોટ ૩૬૦૦૦૧ (ગુજરાત).

<u>મોકલનાર:</u>

મોકલનારનું નામ :________________________________

મોબાઈલ નંબર:________________________________

સરનામુ :________________________________

________________________________

________________________________

ઈ-મેલ ________________________________